GJVD230002762022

| | |
|---|---|
| રજૂ તારીખ | ૨૩/૦૮/૨૦૧૯ |
| દાખલ તારીખ | ૨૩/૦૮/૨૦૧૯ |
| ફેંસલ તારીખ | ૨૫/૦૬/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૬ ૧૦ ૦૨ |

सत्यमेव जयते

## વડોદરાની સ્પેશ્યલ (પોકસો) કોર્ટ નં.૭લ મુ.ક રજણ સમક્ષ.

**પોકસો કેસ નં. ૨૪/૨૦૨૨**
**જુનો પોકસો કેસ નં. ૧૧૮/૨૦૧૯**
**આંક–૫૭**

| | |
|---|---|
| **ગુનો :–** | શિનોર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૦૧/૨૦૧૯, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન)(૩) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ની કલમ–૫ (જે)(૨),(એલ), ૬ અન્વયે. |

**ફોર્મ–એ**

| | |
|---|---|
| **ફરિયાદીઃ–** | શ્રી સરકાર(સ્ટેટ ઑફ ગુજરાત)<br>(મૂળ ફરિયાદીઃ ભોગબનનારના દાદી) |
| **વિ.સ્પે.પી.પી.શ્રીઃ–** | શ્રી જે.એમ. કંસારા. |
| **આરોપીઃ–** | **અજયભાઇ દિનેશભાઇ વસાવા ઉ.વ.આ.૨૮**<br>રહે.સેગવા, તા. શિનોર, જિ.વડોદરા. |
| **આરોપી તરફે વિ.વ.શ્રીઃ–** | એ.એચ.મકરાણી. |

**ફોર્મ – બી**

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખઃ–** | ૧૦/૧૨/૨૦૧૮ |
| **ફરિયાદની તારીખઃ–** | ૧૦/૦૧/૨૦૧૯ |
| **ચાર્જશીટની તારીખઃ–** | ૨૩/૦૮/૨૦૧૯ |
| **તહોમત ફરમાવ્યાની તારીખઃ–** | ૦૫/૦૭/૨૦૨૧ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખઃ–** | ૧૯/૦૮/૨૦૨૧ |
| **ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખઃ–** | ૧૦/૦૬/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખઃ–** | ૨૪/૬/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો,** | –––– |

**આરોપીની વિગતઃ–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | ક્યા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડ ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | અજયભાઇ દિનેશભાઇ વસાવા | ૧૬/૦૭/૧૯ | ૨૯/૦૯/૨૧ (નામ. હાઇકોર્ટ ના ફોજદારી પ. અરજી નં. ૧૫૧૬૭/૨૦૨૧થી) | ઈ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) (એન) (૩), પોકસો એકટની કલમ–૫ (જે)(૨) (એલ), ૬ અન્વયે. | મુકત | ના | ૨ વર્ષ, ૨ માસ, ૧૩ દિવસ |

## ફોર્મ - સી

**(એ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા–**

| સા.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | ભોગ નનારનાં દાદી | ફરિયાદી | ૧૫ |
| ૨ | ડો.પ્રદિપ આઠલ્યે | મેડીકલ ઓફિસર | ૧૮ |
| ૩. | ભોગ બનનારના કાકી | સાહેદ | ૨૮ |
| ૪. | ભોગ બનનાર | સાહેદ | ૨૯ |
| ૫. | કેસરસિંહ મોબાતાનજી સોલંકી | ત.ક.અમલદાર | ૩૫ |
| ૬. | ઉલ્લાસ ચાવદાસ માર્કંડે | ત.ક.અમલદાર | ૩૮ |
| ૭. | ડો.પકલ પ્રદિપકુમાર વૈષ્ણવ | મેડીકલ ઓફિસર | ૫૨ |
| ૮. | અશ્વિનભાઇ અનિલભાઇ ગામીત | એફ.એસ.એલ. અધિકારી | ૫૩ |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ | ૧૬ |
| ૨. | ભોગ બનનારનો જન્મનો દાખલો | ૧૭ |
| ૩. | આરોપીના નમુના લેવાની યાદી | ૧૯ |
| ૪. | આરોપીનુ મેડીકલ સર્ટીફીકેટ | ૨૦ |
| ૫. | આરોપીનાં નમુના મોકલવાની યાદી | ૨૧,૨૨ |
| ૬. | ડી.એન.એ. ટેસ્ટના નમુનાનુ ફોર્મ | ૨૩ |
| ૭. | ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૩૦ |
| ૮. | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું | ૩૩ |
| ૯. | ભોગ બનનારનાં કપડા કબજે કર્યાનું પંચનામું | ૩૪ |
| ૧૦. | ભોગ બનનારની સારવારના સર્ટીફીકેટ | ૩૯,૪૦ |
| ૧૧. | ભોગ બનનારનો શાળા છોડ્યાનો દાખલો | ૪૨ |
| ૧૧. | ભોગ બનનારનાં ડી.એન.એસ. સેમ્પલ લેવા કરેલ યાદી | ૪૩ |
| ૧૨. | કલમ ઉમેરાની યાદી | ૪૪ |
| ૧૩. | સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવાની યાદી | ૪૫ |
| ૧૪. | એફ.એસ.એલ. રીપોર્ટ, તેનો પત્ર તથા રવાનગી નોંધ | ૪૬ થી ૪૯ |
| ૧૫. | એફ.એસ.એલ.રીપોર્ટ તેનાં પત્ર સાથે | ૫૦ |
| ૧૬. | ડી.એન.એ.રીપોર્ટ | ૫૪ |

**મુદ્દામાલની વિગત**

| અ.નં. | મુદ્દામાલ પાવતી નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૨૨/૨૦૧૯ | આરોપીના કપડાં |
| ૨. | ૨૩/૨૦૧૯ | ભોગ બનનારનાં કપડાં |

## –: ચુ કા દો :–

**પ્રસ્તાવનાઃ–**

૦૧. આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬,૩૭૬(૨)(એન)(૩) તથા પોકસો એકટ–૨૦૧૨ની કલમ–

૫(જે)(૨),(એલ), ૬ મુજબના ગુન્હાઓનું તહોમત આંક–૦૭ થી ઘડેલ છે. આરોપીએ સદર તહોમતનો ઈન્કાર કરેલ છે.

૦૨. નામદાર સુપ્રિમકોર્ટના **નિપુન સકશેના વિરુધ્ધ ભારત સરકાર, (૨૦૧૯) ૨ એસ.સી.સી. ૭૦૩** પર પ્રસિદ્ધ થયેલા ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે આપેલ માર્ગદર્શિકા અન્વયે આ અદાલત દ્વારા ભોગબનનારના નામનો આ જજમેન્ટ માં કોઈ જગ્યાએ ઉલ્લેખ કરેલ નથી, પરંતુ માત્ર ભોગબનનાર તેમ તેની ઓળખ આપેલ છે. તેમજ તેમના નજીકના સગાઓનો ઉલ્લેખ ભોગબનનાર સાથેના સંબંધો મુજબ કરેલ છે.

**ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત:–**

૦૩. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ ગુન્હાની પ્રથમ માહિતી શારદાબેન અંબાલાલ વસાવાએ નોંધાવેલ છે. તેઓનાં દિકરા જયેશના લગ્ન સવિતાબેન સાથે થયેલા. તેણી સવિતાબેન અવસાન પામેલ છે. તેની નાની દિકરી ભોગ બનનાર, જન્મ તા.૦૬.૧૨.૨૦૦૪ ની કે જેણી તા.૧૦.૧૨.૨૦૧૮ ના રોજ એટલે કે બનાવ તારીખે ૧૪ વર્ષની હતી. તેણી ફરિયાદી સાથે રહેતી હતી. તા.૧૦.૧૨.૨૦૧૮ના રોજ ફરિયાદી મજુરી કરી ઘરે આવેલ હતાં. તે સેગવા, નવીનગરી, તા. શિનોર, જિ.વડોદરા રહેતા હતાં. ભોગ બનનાર પણ તેમની સાથે રહેતી હતી. તેઓ તથા ભોગ બનનાર બનાવ ની રાત્રીના તેમના ધરમાં સુઇ ગયેલા. ફરીયાદીને વહેલી સવારે ફરિયાદીનાં પુત્ર અને ભોગ બનારનાં કાકાએ ભોગ બનનાર ઘરમાં ન હોવાથી ઉઠાડેલ. તે બાદ તેઓએ ભોગ બનનારની આજુબાજુ માં તપાસ કરતાં ભોગ બનનાર મળી આવેલ નહી. તેમજ

આગળ તપાસમાં આરોપી અજય દિનેશભાઈ વસાવા જે તેમની બાજુમાં રહે છે અને તેઓનાં પરિચીત છે, તે પણ ઘરે માલૂમ પડેલા નહી. આથી, અજયભાઈનાં પિતાનો સંપર્ક કરેલ. પરંતુ, તે બાદ પણ ભોગ બનનાર નહી મળી આવેલા. તે બાદ તેણીએ આ બનાવ અંગેની પ્રથમ માહિતી શિનોર પોલીસ સ્ટેશનનાં પોલીસ સબ ઈન્સ્પેકટર સમક્ષ નોંધાવેલ.

**<u>પોલીસે કરેલ કાર્યવાહીની વિગત:-</u>**

૦૪. ઉપરોકત મુજબની બનાવ અંગેની ફરિયાદ મળતાં પોલીસે પ્રથમ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬નો ગુન્હો નોંધેલ. તે બાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ભોગ બનનારની ઉંમર નો પુરાવો મેળવેલો. તેમજ જરૂરી પંચનામા તપાસ દરમ્યાન કરેલા. આ તપાસમાં આરોપી અને ભોગ બનનાર મળી આવેલા. તેઓની મેડીકલ ચકાસણી કરાવેલી. મેડીકલ ચકાસણીના પણ જરૂરી પ્રમાણપત્રો મેળવેલા. જરૂરી મેડીકલ નમુના મેળવી ભોગ બનાર ગર્ભવતી હોવાથી તેનાં પણ નમુના મેળવી ડી.એન.એ. રીપોર્ટ કરાવેલ. આ તપાસમાં આરોપી સામે ગંભીર ગુન્હો પોકસો અન્વયેનો બનતો હોવાનું જણાતા, તે મુજબના ગુનાની કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલો. આરોપીની અટક કરી નામદાર કોર્ટમાં રજૂ કરેલ. નામદાર કોર્ટ દ્ધારા તેઓ આરોપીને જામીન મુકત કરવામાં આવેલ. તે બાદ પોલીસે તેમની તપાસનાં અંતે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન)(૩) તથા પોકસો એકટ-૨૦૧૨ની કલમ-૫ (જે)(૨),(એલ),૬ મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી કરવા સારૂ ચાર્જશીટ ક્રિ.પ્રો.કોડની કલમ ૧૭૩ ના રીપોર્ટમાં કરવામાં આવેલ. આમ, આ કેસ ઉપસ્થિત થયેલ છે.

**ચાર્જ–પ્લીની વિગત :–**

૦૫. આરોપી હાજર થતાં મારા વિ. પુરોગામીએ આરોપીને પોલીસ પેપર્સ ની નકલો પુરી પાડી, તે બાદ જરૂરી કાર્યવાહી કરી આરોપી સામે આંક–૦૭ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨)(એન)(૩) તથા પોકસો એકટ–૨૦૧૨ની કલમ–૫(જે)(૨),(એલ),૬ મુજબનું તહોમતનામું ફ્રમાવેલ. આ તહોમતનામાનો આરોપીએ ઈન્કાર કરેલો. તે બાદ આ કેસ ફરિયાદ પક્ષના પુરાવા ઉપર રાખેલ.

**ફરીયાદ પક્ષના પુરાવાની વિગત :–**

૦૬. ફરિયાદ પક્ષે ઉપરોકત મુજબના પુરાવા રજૂ કરેલ છે.

**આરોપીનાં વિશેષ નિવેદનની વિગત:–**

૦૭. આરોપી સામે રજૂ થયેલ પુરવા અંગે વિશેષ નિવેદન સી.આ.પી.સી. કલમ–૩૧૩ અન્વયે કોર્ટ દ્વારા નોંધવામાં આવેલ. આરોપીએ તેનો ઈન્કાર કરતો જવાબ આપી, તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપીએ સાક્ષી તપાસવાનો અને સોગંદ ઉપર પુરાવો આપવા નો ઈન્કાર કરેલ છે.

**ફરિયાદ પક્ષની દલીલો:–**

૦૮. ફરિયાદપક્ષે વિ.સ્પેશ્યલ પી.પી.શ્રીએ સરકાર પક્ષે મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, આ કામે ભોગ બનનાર અને અન્ય મહત્વના સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે. પરંતુ, આ કામે ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલા સાયન્ટીફીક પુરાવામાં, ડી.એન.એ. કરનાર સાયન્ટીફીક ઓફિસર, નમુના લેનાર ઓફિસર વિગેરેને તપાસેલા છે. તેમજ ભોગ બનનારની ઉંમર અંગે વિશ્વાસપાત્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. તે પુરાવા ઉપરથી ભોગ બનનાર સગીર હોવાનું અને

આરોપીએ તેણીની સાથે એક થી વધુ વખત શરીર સંબંધ બાંધી ગર્ભવતી બનાવેલાનું સાબિત થાય છે. આથી, ફરિયાદ પક્ષનો કેસ સ્વીકારી આરોપીને દોષિત ઠરાવવા તેઓએ વિનંતી કરેલ છે.

**આરોપી પક્ષની દલીલો:–**

૦૯. બચાવ પક્ષે વિ.વકીલ શ્રી કે.આર. વસાવાએ મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, ભોગ બનનાર હોસ્ટાઈલ જાહેર થયેલ છે. સાયન્ટીફીક પુરાવા રજૂ થયેલ છે, તેનાં આધારે આરોપી સામેનુ તહોમત સાબિત થતું નથી. ડી.એન.એ. રીપોર્ટ પણ સંપૂર્ણ સાચો નથી. ત્યારે ફરિયાદ પક્ષના પુરાવાથી આરોપી સામેનો કેસ સાબિત થતો નથી. આરોપીએ ભોગ બનનાર સાથે બદકામ કરેલાનો કોઈ પુરાવો નથી. આમ દલીલ કરી આરોપીને નિર્દોષ મુકત કરવા તેઓએ કોર્ટને વિનંતી કરેલ છે.

**કોર્ટના નિર્ણયના પોઈન્ટસ :–**

૧૦. બંને પક્ષની મેં રજુઆતો ધ્યાને લીધેલ છે. તે સાથે મેં રેકર્ડ, પ્રોસીડીગ્સ અને પુરાવા વંચાણે લીધેલ છે. આથી આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, ભોગબનનાર તા.૧૦.૧૨. ૨૦૧૮ ના રોજ ૧૪ વર્ષ એક માસ અને ૪ દિવસની ઉંમરની હતી ?

(૨) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ભોગબનનાર સગીર વયની હોવા છતાં લલચાવી, પટાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી, બદ ઈરાદા સાથે ભોગ બનનારને ફરિયાદીનાં કાયદેસરના વાલીપણાંમાથી તા.૧૦.૧૨.૨૦૧૮ ના રોજ કલાક ૦૫:૦૦ થી ૦૬:૦૦ વાગ્યા દરમ્યાન સેગવા ગામેથી અપહરણ કરી ભગાડી લઈ જઈ, આરોપીએ ભારતીય દંડ

સંહિતાની કલમ – ૩૩૬, ૩૬૬ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ કરેલ છે?

(૩) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ભોગબનનાર સગીર વયની હોવા છતાં લલચાવી, પટાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી, બદ ઈરાદા સાથે ભોગ બનનારને ફરિયાદીનાં કાયદેસરના વાલીપણાંમાથી તા.૧૦.૧૨.૨૦૧૮ ના રોજ કલાક ૦૫:૦૦ થી ૦૬:૦૦ વાગ્યા દરમ્યાન સેગવા ગામેથી અપહરણ કરી ભગાડી લઈ જઈ, સગીર ભોગ બનનાર બાળા સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી બળત્કાર ગુજારેલ. આમ કરી આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ (૨)(એન)(૩) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૫ (જે)(૨),(એલ), ૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૪) શું હુકમ ?

૧૧. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

## –: કા ર ણો :–

૧૨. સૌપ્રથમ પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલા આ કામે એ નોંધવુ જરૂરી છે કે, આ કામે આરોપી ગંભીર પ્રકારના ગુનાના આક્ષેપોનો સામનો કરી રહેલ છે. આ કામે પ્રથમ ફરિયાદપક્ષ પર પોતાનો કેસ તમામ વ્યાજબી શંકાથી પર પુરાવો રજૂ કરી પુરવાર કરવાનો બોજો રહેલ છે. વળી, પોકસો એકટની જોગવાઈ મુજબ ગુનાહિત માનસિકતા અને

ગુનો થયા અંગે અનુમાન કરવાની જોગવાઈ કાયદા માં રહેલી છે. પરંતુ તે પ્રિજમશન કદી પુરાવાનું સ્થાન લઈ શકે નહી. તેમજ પુરાવા માં શંકા કે ત્રુટી હોય તો આરોપીને ચોકકસ પણે તેનો લાભ મળી શકે છે. તે હકીકત ધ્યાને રાખી ફરિયાદપક્ષના પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે. વધુમા, ચોકકસ પોકસો એકટની કલમ ૨૯ અને ૩૦ માં આરોપી વિરુધ્ધ અનુમાન રહેલ છે. વળી, અનુમાનો ફરિયાદપક્ષ પોતાના કેસની મહત્વ ની પાયાની હકીકત વ્યાજબી શંકાઓથી પર પુરવાર કરે, તે બાદ અસ્તિત્વમાં આવે છે. અનુમાનો થી ફરિયાદપક્ષ પર પોતાનો કેસ સાબિત કરવાની રહેલ જવાબદારી દૂર થતી નથી. અત્રે એ નોંધવુ જરૂરી છે કે, નામ. હિમાચલ પ્રદેશ હાઈકોર્ટે તારીખ ૦૩.૦૩.૨૦૨૧ ના રોજ **સંજીવકુમાર વિરુધ્ધ સ્ટેટ ઓફ હિમાચલ રાજય ક્રીમીનલ અપીલ નં.૯૭/૨૦૧૯** ના ચૂકાદામાં નામ. સુપ્રિમ કોર્ટના વિવિધ ચૂકાદાની નોંધ લઈ અને તેમાં આપેલ સિધ્ધાંત નોંધી, તેમ માનેલ છે કે, પોકસો એકટની કલમ ૨૯ અને ૩૦ ના પ્રાવધાનો ફરિયાદપક્ષ ફાઉન્ડેશન ફેકટ પુરવાર કરે ત્યારબાદ જ ગુનાહિત માનસિકતાનુ અને ગુનો થયાનું પ્રિઝમનશન ઉપસ્થિત થાય છે. તે કેસમાં નામ. હિમાચલ પ્રદેશ હાઈકોર્ટે **ગંગાધર ઉર્ફે ગંગારામ વિરુધ્ધ મધ્યપ્રદેશ (૨૦૨૦) ૯ એસ.સી.સી. ૨૦૨** માં નામ.સર્વોચ્ચ અદાલતે તેની સમક્ષ ના કેસમાં આપેલ માર્ગદર્શિકાઓ ધ્યાને લઈ, સદર કેસ નામ.હિમાચલ પ્રદેશ હાઈકોર્ટે નિર્ણીત કરેલ છે. તેમજ પોકસો એકટ, એન.ડી.પી.એસ.એકટ તથા ટાડા એકટમાં રહેલા અનુમાનો તે કેસની સજાની જોગવાઈઓ અને ગંભીરતા ધ્યાને લેતા, ફરિયાદપક્ષે ફાઉન્ડેશન ફેકટ પ્રથમ મજબૂત અને ઠોસ પુરાવા થી પુરવાર કરવી પડે અને તે બાદ અનુમાનો આરોપી સામેના

અસ્તિત્વમાં આવે છે તેમ સ્પષ્ટ ઠરાવેલ છે. આ તમામ સિદ્ધાંત અને આક્ષેપિત ગુનાના તત્વો ધ્યાને રાખી આ કામે રજૂ થયેલ પુરાવાઓ આ કોર્ટે ચકાસ્યા છે.

**મુદ્દા નં.૧ :-**

૧૩. હવે ઉપરોકત સિધ્ધાંતો ધ્યાને રાખી સૌ પ્રથમ ફરિયાદપક્ષના કેસની પાયાની હકીકત જોવામાં આવે તો, ભોગબનનાર પોકસો એકટની કલમ-૨(ડી) મુજબ બાળકની વ્યાખ્યામાં આવતા બાળક છે કે કેમ? તે ચકાસવાનું છે. તે વ્યાખ્યા મુજબ ૧૮ વર્ષથી નાની વયની વ્યકિત તે બાળક છે. આ કામે ફરિયાદપક્ષનો કેસ એવો છે કે, બનાવ તા.૧૦.૧૨.૨૦૧૮ ના રોજ ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષ થી ઓછી હતી. હવે ભોગબનનાર સદર ઉંમરના હતા. તે તમામ વ્યાજબી શંકાઓથી પર પ્રથમ ફરિયાદપક્ષે પુરવાર કરવું રહયુ, તેમાં ફરિયાદપક્ષ સફળ થાય અને આરોપી ભોગબનનારને લઈ ગયેલાનું સાબિત થાય, તે બાદ પોકસો એકટની કલમ-૨૯ અને ૩૦ ના અનુમાનો ચોકકસ પણે અસ્તિત્વમાં આવે છે.

૧૪. હવે ભોગબનનારની જન્મ તારીખ અને ઉંમર અંગેના પુરાવાની ચકાસણી કરીએ તો, નામ. સુપ્રિમ કોર્ટે તેઓ સમક્ષના **જર્નેલસિંઘ વિરુદ્ધ હરિયાણા સ્ટેટ ના ક્રી.અપીલ નં.૧૨૦૯/૨૦૧૦, એ.આઈ.આર. ૨૦૧૩ એસ.સી. ૩૪૬૭** ના ચૂકાદામાં આપેલ માર્ગદર્શિકા મુજબ પોકસો એકટમાં ભોગ બનનાર ની ઉંમર નકકી કરવાનો મુદ્દો ઉપસ્થિત થાય, ત્યારે જુવેનાઈલ જસ્ટીસ એકટ અન્વયે ૨૦૦૭ માં ઘડવામાં આવેલ રૂલ્સ ૧૨ માં આપેલ જોગવાઈ મુજબ ઉંમર નકકી કરવાની રહે છે. આ જજમેન્ટ બાદ જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ - ૯૪ માં સુધારા કરવામાં આવેલ છે. ત્યારે ઉપરોકત જજમેન્ટ

વંચાણે લેતા, હવે સદર એકટની કલમ–૯૪ મુજબ ભોગબનનારની ઉંમર નકકી કરવાની થાય છે. ભોગ બનનાર ની ઉંમર માટે પ્રથમ જન્મ તારીખ અંગેના પુરાવામાં મેટ્રીકયુલસ અથવા તેના સમકક્ષ સર્ટીફીકેટનો પુરાવો અને તે ન હોય તો શાળા દ્ધારા પ્રથમ દાખલ થયા હોય, તે સમયે નોંધાયેલ જન્મ તારીખના પ્રમાણપત્ર ના આધારે અને તે ન હોય તો મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા પંચાયતમાં જન્મ તારીખ નોંધાવેલ હોય તે અંગેના પ્રમાણપત્ર પરથી જન્મ તારીખ અને ઉંમર નકકી કરવાની રહે છે. આમ, પ્રથમ શાળાના પુરાવા પરથી જન્મ તારીખ નકકી કરવા ની થાય છે. તેની ગેરહાજરીમાં જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં કરવામાં આવેલ નોંધ પરથી જન્મ તારીખ અને ઉંમર નકકી કરવાની રહે છે.

૧૫. ફરિયાદ પક્ષે ભોગ બનનારની ઉંમર સાબિત કરવા સારૂ દસ્તાવેજી પુરાવામાં ભોગ બનનારનો જન્મનો દાખલો આંક–૧૭ થી રજૂ કરેલ છે. તેમજ આંક–૪ર થી શાળા છોડયાનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. તેમજ સેગવા પ્રાથમિક શાળાના આચાર્યએ ભોગબનનારની જન્મ તારીખ શાળામાં નોંધાયેલ છે, તે અંગેનો આપેલ દાખલો કામમાં છે. તેને આંક અપાયેલ નથી. આ દસ્તાવેજોને સાબીત કરવા માટે શાળા ના કે જન્મ મરણ નોધંણી રજીસ્ટ્રારની ઓફીસના કર્મચારીને તપાસેલા નથી. આ દસ્તાવેજોમાં ભોગ બનનારની જન્મ તારીખ ૦૬/૧૨/૨૦૦૪ નોધાયેલ છે. જન્મનો દાખલો ફરીયાદી ભોગ બનનારની દાદીના પુરાવામાં આંક પડેલ છે. તેણીએ તેના આંક – ૧૫ ના પુરાવામાં સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, તેમના મર્હુમ પુત્ર જયેશના દીકરી આ ભોગ બનનાર છે. તેણીએ ભોગ બનનારની ઉંમર તેમને ખબર ન હોવાનો પુરાવો આપેલ છે.

૧૬. આમ ભોગ બનનારના દાદી ફરીયાદીના પુરાવા થી ભોગ બનનારની ઉંમરના પુરાવા અંગે ફરીયાદપક્ષને સમર્થન મળતુ નથી. તે બાદ ફરીયાદ પક્ષે સાહેદ નં. ૩ સુમીત્રાબેનને આંક–૨૮ થી તપાસેલા છે. તેણી ભોગ બનનારના કાકાના પત્ની છે. તેઓ ભોગ બનનારની ઉંમર અંગે કોઇ પુરાવો આપતા નથી. જયારે સાહેદ ૪ ભોગ બનનાર આંક–૨૯ થી પુરાવો આપેલ છે. તેણીએ પોતાની ઉંમર ૧૯ વર્ષ જણાવેલ છે. આ ઉપરાંત તેણીએ પોતાની ઉંમર અંગે કે આરોપીએ તેણીની સાથે દુષ્કૃતીય કરેલ હોવા અંગે કોઇ પુરાવો આપેલ નથી. આમ, આ કામે ભોગ બનનારની ઉંમર અંગે કોઇ ઠોસ મૌખીક પુરાવો આ કામે ઉમંરના પુરાવા તરીકે રજુ થયેલા, દસ્તાવેજો અંગેનો કોર્ટ સમક્ષ નથી. વધુમાં તેણીએ આંક–૩૯ ના મેડીકલ સૅટી મુજબ તેણીએ આપેલ હિસ્ટ્રીમાં ડોકટર સમક્ષ તેણી ૨૧ વર્ષની હોવાનું જાહેર કરેલ છે. આથી પણ ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પંદ બને છે .

૧૭. આ કામે શાળા છોડયાનું ભોગ બનનારનું પ્રમાણપત્ર અને તેનો જન્મ ના દાખલા મુજબની નોંધ શાળા અને જન્મ નોંધણી રજીસ્ટ્રારના રેકર્ડમાં છે, તેમ માની લેવામાં આવે તો પણ તેના આધારે ભોગ બનનારની તે મુજબની જન્મની નોંધ હતી, તેમ માનવુ સલામત નથી. આ અંગે નામદાર ગુજરાત હાઇકોર્ટના, ***નિલેશ નરસીંહભાઇ દેવીપુજક વિ. ગુજરાત રાજય ક્રીમીનલ અપીલ નં.૧૬૯૯/૨૦૧૬, તા.૨૪/૦૨/૨૦૧૮*** મા આપેલ સિદ્ધાંત ધ્યાને લેતાં, આ કેસમાં રજુ થયેલ પુરાવા આધારે ભોગ બનનાર બાળા ૧૪ વર્ષ અને ૧ માસ ની સગીર વયની બનાવ સમયે હતી, તેમ સાબીત માનવુ સલામત જણાતું નથી. નામ. વડી અદાલતે તેના ચુકાદામાં પબ્લીક દસ્તાવેજ અંગે નીચે મુજબ ઠરાવેલ છે.

*"48. We may further notice that even with reference to Section 35 of the Indian Evidence Act, a public document has to be tested by applying the same standard in civil as well as criminal proceedings. In this context, it would be appropriate to notice the observations made by this Court in the case of Ravinder Singh Gorkhi Vs. State of U.P.4 held as follows:- "The age of a person as recorded in the school register or otherwise may be used for various purposes, namely, for obtaining admission; for obtaining an appointment; for contesting election; registration of marriage; obtaining a separate unit under the ceiling laws; and even for the purpose of litigating before a civil forum e.g. necessity of being represented in a court of law by a guardian or where a suit is filed on the ground that the plaintiff being a minor he was not appropriately represented therein or any transaction made on his behalf was void as he was a minor. A court of law for the purpose of determining the age of a 4 (2006) 5 SCC 584 28 party to the alis, having regard to the provisions of Section 35 of the Evidence Act will have to apply the same standard. No different standard can be applied in case of an accused as in a case of abduction or rape, or similar offence where the victim or the prosecutrix although might have consented with the accused, if on the basis of the entries made in the register maintained by the school, a judgment of conviction is recorded, the accused would be deprived of his constitutional right under Article 21 of the Constitution, as in that case the accused may unjustly be convicted."*

૧૮. નામદાર વડી અદાલત સમક્ષના ઉપરોકત કેસમાં આરોપીને દોષિત માની સજા કરવામાં આવેલ હતી. તેમાં નામદાર સર્વોચ્ચ અદાલત તથા અન્ય વડી અદાલતનાં ચુકાદાઓની ચર્ચા કરી, તે કેસમાં ભોગ બનનારની સ્કુલમાં નોંધાયેલી જન્મ તારીખનો પુરાવો રજૂ થયેલ હતો. તેમજ ઓશીફીકેશન ટેસ્ટ પણ તેમાં ભોગ બનનારનો થયેલ હતો. તે કેસમાં ભોગ બનનાર બાળા ૧૪ વર્ષ અને ૮ માસની હતી.

પરંતુ, વિ. સેશન્સ કોર્ટનો ચુકાદો ફેરવી નામદાર વડી અદાલતે ભોગ બનનારની ઉંમર અંગે રજૂ થયેલ પુરાવા વિશ્વાસપાત્ર ન હોવાનું માનેલ હતું. તે કેસમાં આપેલ સિદ્ધાંત ધ્યાને લેતાં આ કામે ફરિયાદ પક્ષે રજૂ કરેલ ભોગ બનનારની ઉંમર અંગેનો પુરાવો સ્વીકારવો સલામત જણાતું નથી. ભોગ બનનારનાં જન્મ બાદ તેની નોંધ કોણે કરાવેલ તેનો પુરાવો નથી. તેમજ ભોગ બનનારના માતા અને દાદી ભોગ બનનારની ઉંમર અંગે કોઈ પુરાવો આપતા નથી. ભોગ બનનારે પોતાની ઉંમર ૧૯ વર્ષ હોવાનો પુરાવો આપેલ છે. ભોગ બનનારની ઉંમર અંગેના રજુ થયેલ દસ્તાવેજી પુરાવાના સમર્થનમાં કોઈ ઠોસ પુરાવો તે મુજબની નોંધ રેકર્ડમાં છે અને તે ખરી છે, તે અંગેનો કોર્ટ સમક્ષ નથી. આ તમામ પાસાઓનું એક સાથે મુલ્યાંકન કરતાં હું એવા નિર્ણય ઉપર આવું છું કે, ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવો ભોગ બનનારની ઉંમર અંગે સ્વીકારવો સલામત જણાતું નથી. પંરતુ તે પુરાવામાં વ્યાજબી શંકાઓ અને ત્રુટી જણાય છે. આથી, મુદ્દા નં.૧ અંગે બચાવ પક્ષે કરેલી દલીલ સ્વીકારવામાં આવે છે. સબબ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપુ છું.

**<u>મુદ્દા નં.૨ :-</u>**

૧૯. ફરીયાદપક્ષના કેસ મુજબ ભોગ બનનારને આરોપી ફરિયાદી ઘરે ન રાત્રીના સેગવા ગામે થી લલચાવી ફોસલાવી લઈ ગયેલો. ફરિયાદી ભોગ બનનારનાં દાદી સાહેદ નં. ૧ શારદાબેને આંક-૧૫ થી પુરાવો આપેલ છે. તેમાં ભોગ બનનાર તેમના મર્હુમ પુત્ર જયેશના પુત્રી છે. બનાવના દિવસે ભોગ બનનાર ઘરમા કામ બાબતે ઝઘડો થતા, તે કોઈને કહ્યા વગર તેની માસીને ત્યાં જતી રહેલી. તેમજ પુરાવો આપેલ છે કે, ભોગ બનનાર કોની સાથે ગયેલી તેની તેમને ખબર

નથી. આમ, ફરીયાદીએ બનાવ ને સમર્થન કરતો પુરાવો આપેલ નથી. આથી ફરીયાદ પક્ષનો કેસ તેની મહત્વતા ગુમાવે છે.

૨૦. ફરીયાદપક્ષે સાહેદ નં. ૩ સુમીત્રાબેન જગદીશભાઈ વસાવાને આંક–૨૮ થી તપાસેલા છે. તેણી ભોગ બનનારની કાકી થાય છે. તેણીના પુરાવા મુજબ તેણીના દીયર જયેશભાઈ અવશાન પામેલા છે. તેના બાળકોની દેખભાળ, તેણી રાખે છે. બનાવના દિવસે તેણીના પતિ, તેણીના સાસુ–(ફરીયાદી) ના ઘરે ગયેલા અને તેઓ પરત આવેલ. તે સમયે ભોગ બનનાર ઘરે ન હોવાનું જણાવેલાનો પુરાવો આપેલ છે. આરોપી તેમનો પાડોસમાં રહેતો હોવાનો પુરાવો આપેલ છે. તેમજ પોલીસ ભોગ બનનાર અને આરોપીને પકડીને લાવેલાનો પુરાવો આપેલ છે. તેણીએ ક્રોસમાં સ્વીકારેલ છે કે, આરોપી ભોગ બનનારને ભગાડીને લઈ ગયેલ હોવાનું તેણી જાણતી નથી. ભોગ બનનારે તેણીને કોઈ હકિકત જણાવેલ નથી. આમ, આ સાહેદ નં. ૩ ના પુરાવા થી પણ ફરીયાદપક્ષને કોઈ ખાસ મદદ આરોપીને દોષીત ઠરાવા માટે મળતી નથી.

૨૧. આ કામે સૌથી મહત્વના સાહેદ નં. ૪ ભોગ બનનારનો પુરાવો આંક–૨૯ થી નોંધેલ છે. તેણીના પુરાવા મુજબ બનાવ સમયે તેના બા (ફરીયાદી) અને મોટા બાપુ જગદીશભાઈ લગ્ન ની વાતચીત કરતા હતા. તે તેણીને ગમતુ ન હતું. આથી, તેણી ધરે થી નીકળીને પોતાના માસીને ધરે જતી રહેલી. આરોપી અજય તેણીને ભગાડીને લઈ ગયેલ હોય અને તેની શરીરસબંધ બાધેલ હોય, તેમ બનેલ નથી. આમ ભોગ બનનારે ફરીયાદપક્ષને સમર્થન આપતો પુરાવો આપેલ નથી. તેણીને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરીને સુચક સવાલો પુછેલા છે, તેમાં પણ તેણીએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ

નથી. આમ ભોગ બનનારે આરોપી તેણીને લઈ ગયેલો અને તેણી સાથે બદકામ કરેલ હોવાનો પુરાવો આપેલ નથી. આથી સમગ્ર ફરીયાદ પક્ષનો કેસ શંકાના દાયરામાં આવે છે. આમ, ફરીયાદી અને તે બાદ ભોગ બનનાર કાકી અને તે બાદ ભોગ બનનારે ફરીયાદ પક્ષને સમર્થન કરેલ નથી. આ સાથે ભોગ બનનારનું વિ. મેજીસ્ટ્રેટ સમક્ષનું નીવેદન આંક-૩૦ વંચાણે લેવું પણ જરૂરી છે. તેમાં તેણીએ જણાવેલ છે કે, તેણીના દાદી(ફરીયાદ) તેણીને પૈસાના બદલે વેચી દેવાના હોવા થી તેણી આરોપીને તેના ગામનો હોય, અને એકબીજાને પસંદ કરતા હતાં. આથી તેઓ ડેમઈ ગામ ભાગી ગયેલા. આ હકિકત થી પણ ઈ.પી.કો.ની કલમ-૩૬૩ અને ૩૬૬ અંગેનો ફરીયાદપક્ષનો કેસ ખોટો ઠરે છે. આથી ફરીયાદપક્ષનો કેસ નબળો બનેલાનું માનવામાં આવે છે. વધુમાં, આ કામના ભોગ બનનારે મેડીકલ ઓફીસર સમક્ષ આપેલ હિસ્ટ્રી આંક-૩૯ ના ર્સટી માં નોંધાયેલ છે. તે મુજબ તેણીની ઉમંર ૨૧ વર્ષ છે. તેમજ તેણીને આરોપી સાથે સબંધ હતો, અને તેઓ વચ્ચે અસંખ્ય વાર શરીર સબંધ ગામના ખેતરમાં બંધાયેલ હતો. આમ, આ હકિકત થી પણ ફરીયાદપક્ષનો કેસ નબળો બને છે. તેમજ આરોપી તેણીને લલચાવી અને લઈ ગયેલ હતો, તેમ સાબીત થતુ નથી.

૨૨. આ કામે ફરીયાદપક્ષને સાહેદ નં. ૫ આ ગુનાની તપાસ કરનાર ત.ક.અ. કેસરસિંહ મોબતાજી સોલંકીને આંક-૩૫ થી તપાસેલા છે. તેઓએ આ ગુનાની તપાસ કરેલ છે. તે અંગે તેઓએ પુરાવો આપેલ છે. તેમજ સાહેદ નં. ૬ નિવૃત પી.આઈ. શ્રી. ઉલ્લાસ માર્કંડે નો પુરાવો આંક-૩૮ થી નોંધવામાં આવેલ છે. તેઓએ પણ આ ગુનાની તપાસ કરેલાનો પુરાવો આપેલ છે. આ બંને સાહેદોનો પુરાવો આ

ગુનાની તપાસ અંગેનો એંકદરે યોગ્ય જણાય છે. પંરતુ ભોગ બનનારે બનાવને સમર્થન કરતો, પુરાવો આપેલ નથી. આથી તેઓના પુરાવા થી આ કેસના આખરી પરીણામમાં કોઈ ફર્ક પડે તેમ ન હોવાનું માનવામાં આવે છે. આથી તેમના પુરાવાની વધુ ર્ચચા કરતો નથી.

૨૩. આ કામે સાહેદ નં. ૭ ડો. પલક પ્રદીપકુમાર વૈષ્ણવનો પુરાવો આંક–પર થી નોંધવામાં આવેલ છે. તેણીએ ભોગ બનનારની મેડીકલ ચકાસણી તા. ૧૭/૦૭/૨૦૧૯ ના રોજ એસ.એસ.જી. હોસ્પીટલ વડોદાર મુકામે તેમની ફરજના ભાગ રૂપે કરેલાનો પુરાવો આપેલ છે. તેમજ તેણીના પુરાવા મુજબ સી.એચ.સી. મોટા ફોફળીયા એ ભોગ બનનારના મેડીકલ નમુના મેળવી લીધેલ હતા. આથી તેઓએ કોઈ નમુના લીધેલ નહિ. તેણીના પુરાવા મુજબ ભોગ બનનારને ૧૯ વિકનો ગર્ભ હતો. તેમજ તેણીને કોઈ ઈજા ન હતી. તે બાદ ફરીયાપક્ષે સાહેદ નં. ૮ અશ્વીનભાઈ અનીલભાઈ ગામીતને આંક–પ૩ થી તપાસેલા છે. તેઓ બોટનીમાં પોસ્ટ અનુસ્તાક કરેલ છે. તેમજ છેલ્લા ૧૬ વર્ષ થી એફ.એસ.એલ. ખાતે ફરજ બજાવે છે. તેમજ તેઓએ ડી.એન.એ.ની આંતરીક ટ્રેનીંગ લીધેલ છે. તેઓએ કોઈ ખાસ કોર્ષ કરેલ નથી. તેઓએ આ કામે તેમની ફરજના ભાગ રૂપે ભોગ બનનારના બાળકના નમુના અને તેની સાથે આરોપીના લોહીના નમુના, તેઓને પોલીસ તરફથી મળેલ હતા. તે તપાસેલાનો પુરાવો આપેલ છે. તેમના પુરાવા મુજબ આરોપીના લોહિના નમુના અને ભોગ બનનારના બાળકના નમુનાની ડી.એન.એ. પ્રોફાયલ મેચ થતી હતી. તેમના પુરાવામાં આંક–પ૪ નો પત્ર અને તેમનો રીપોર્ટ સાથેનો પોલીસ ધ્વારા મોકલાયેલ નમુનાની વિગત વિગેરેના પત્ર રજુ થયેલ છે. આ સાહેદના પુરાવા થી તેમ સાબીત થાય છે કે, આ

સાહેદ કોઈ ઠોસ ડીગ્રી ડી.એન.એ. પ્રોફાઈલ અંગેની ધરાવતા નથી. વધુમાં તેમના પુરાવા થી અને આંક–૪૬ ના રીપોર્ટ પર થી સ્પષ્ટ થાય છે કે, તા. ૨૦/૦૭/૧૯ ના રોજ તેમની ઓફીસને મળેલા, નમુના અંગેનો તેમણે રીપોર્ટ તા. ૦૮/૦૮/૨૦૧૯ ના રોજ આપેલ છે. તેમ આંક–૪૫ તથા ૪૬ થી સાબીત થાય છે. આ સાથે આંક–૪૭ નો ફોરર્વડીંગ રીપોર્ટ વંચાણે લેતા, ૧૮/૦૭/૨૦૧૯ ના રોજ નમુના પોલીસ ધ્વારા મોકલવામાં આવેલ હતા. તેમજ આરોપીના નમુના આંક–૨૩ મુજબ તા. ૧૮/૦૭/૨૦૧૯ ના રોજ લેવામાં આવેલ હતા. જયારે આંક–૨૦ મુજબ આરોપીને મેડીકલ ચકાસણી અને નમુના તા. ૧૬/૦૭/૨૦૧૯ ના રોજ લેવાયેલા હતા. જયારે ભોગ બનનારના મેડીકલ નમુના આંક–૩૯ મુજબ તા. ૧૭/૦૭/ ૨૦૧૯ ના રોજ લેવાયેલા છે. આ કામે ભોગ બનનારના નમુના કોણે અને કયારે લીધેલ છે. તે અંગેનો કોઈ પુરાવો નથી. તેમજ ઉપરોકત પુરાવા પર થી નમુના લીધેલ તે બાદ તપાસણી માટે મોકલાવેલા, તેનો સમય ગાળો અને તે બાદ તે નમુના તપાસાયેલા. તે સમય ગાળો ધ્યાને લેતા. તે સાથે સાહેદ નં. ૮ નો સમગ્ર પુરાવો વંચાણે લેતા, તેમના પુરાવા આધારે ડી.એન.એ. રીપોર્ટ સંપૂર્ણ સત્ય છે. તેમ આ કામે મની નિર્ણય કરવો ન્યાયી જણાતુ નથી. પંરતુ ફરીયાદપક્ષે આ મુદ્દા પર રજુ થયેલ પુરાવો શંકાસ્પંદ હોવાનું માનવામાં આવે છે.

૨૪. ઉપરોકત પુરાવા સાથે ઈ.પી.કો. કલમ–૩૬૩ તથા ૩૬૬ ના ગુનાના તત્વો જોઈએ તો, ઈ.પી.કો. કલમ ૩૬૩ મા અપહરણને શિક્ષાને પાત્ર માનેલ છે. અપહરણ ભારતમાંથી અને ભારત બહારથી અને કાયદેસરના વાલીપણામાંથી (ઇ.પી.કો.ની કલમ–૩૫૯ ની

વ્યાખ્યા મુજબ) લઈ જવાનું કૃત્ય શિક્ષાને પાત્ર છે. તેમજ ઈ.પી.કો. કલમ–૩૬૧ મા ૧૮ વર્ષથી નાની સ્ત્રીને તેના કાયદેસરના વાલીપણામાંથી લઈ જવાનું કૃત્ય અપહરણ બને છે. તે ઈ.પી.કો. કલમ–૩૬૩ માં શિક્ષાને પાત્ર છે. જયારે ઈ.પી.કો. કલમ ૩૬૬ માં સ્ત્રીને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી કે તેની સાથે લગ્ન બ્રાહ્ય શરીર સબંધ બંધાશે તેવા ઈરાદા અને જાણ સાથેના કૃત્યને શિક્ષાને પાત્ર માનેલ છે.

૨૫. આ કામે ભોગ બનનાર સગીર બાળા હોવાનું સાબીત માનેલ નથી. વળી, તેણીને બળજબરી પૂર્વક લઈ ગયેલ હોવાનુ પણ સાબિત થતુ નથી. તેણીને કોઈ લાલચ આપી લઈ જવામાં આવેલ હોય તેવો વિશ્વાસપાત્ર પુરાવો નથી. ત્યારે આરોપીએ ઈ.પી.કો.કલમ–૩૬૩, ૩૬૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે, તેમ સાબિત માની શકાય તેવો પુરાવો ન હોવાનું માનવામા આવે છે. વળી, સગીરને લઈ જવી અને સાથે રાખવી આ બંને વચ્ચે અંતર છે. આ અંગે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો નીચે મુજબ ધ્યાને લીધેલ છે.

**S. Varadarajan v. State of Madras AIR 1965 SC 942, Important para-9 and 10 of this judgment**

**Para-9**

**It must, however, be borne in mind that there is a distinction between "taking" and allowing a minor to accompany a person. The two expressions are not synonymous though we would like to guard ourselves from laying down that in no conceivable circumstances can the two be regarded as meaning the same thing for the purposes of S. 361 of the Indian Penal Code. We would limit ourselves to a case like the present where the minor alleged to have been taken by the accused person left her father's protection knowing and having capacity to know the full import of what she was doing voluntarily joins the accused person. In such a case we do not think that the accused can be said to have taken her away from the keeping her lawful guardian. Something more has to be shown in a case of this kind and that is some kind of inducement held out by the accused person or an active participation by**

**him in the formation of the intention of the minor to leave the house of the guardian.**

**Para-10**

**It would, however, be sufficient if the prosecution establishes that though immediately prior to the minor leaving the father's protection no active part was played by the accused, he had at some earlier stage solicited or persuaded the minor to do so. In our opinion, if evidence to establish one of those things is lacking it would not be legitimate to infer that the accused is guilty of taking the minor out of the keeping of the lawful guardian merely because of after she has actually left her guardian's house or a house where her guardian's house by taking her along with him from place to place. No doubt, the part played by the accused could be regarded as facilitating the fulfillment of the intention of the girl. That part, in our opinion, falls short of an inducement to the manor to slip out of the keeping of her lawful guardian and is, therefore, not tantamount to "taking".**

૨૬. ઉપરોકત કારણસર, ફરીયાદપક્ષે વિ. સ્પે.પી.પી.શ્રીની દલીલ આ મુદ્દા પર સ્વીકારવા માં આવતી નથી. પરતું, બચાવ પક્ષની દલીલ સ્વીકારવા પાત્ર હોવાનું માનવામાં આવે છે. આથી મુદ્દા નં.ર નો જવાબ નકારમાં આપુ છું.

**<u>મુદ્દા નં.3 :-</u>**

૨૭. ફરીયાદપક્ષના કેસ મુજબ ભોગ બનનારને આરોપી લઈ ગયેલા તે સમયે તેણી ૧૮ વર્ષની નાની હતી. પરતું મુદ્દા નં.૧ મા આપેલ કારણો મુજબ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો ભોગ બનનારની ઉંમર અંગેનો શંકાસ્પદ હોવાનું માનેલ છે. ત્યારે પોકસો એકટની જોગવાઈ ઓ લાગુ પડતી નથી. આરોપી સામે પોકસો એકટની કલમ -પ (એલ) અને ૬ વિગેરેનો ચાર્જ છે. ત્યારે સદરહુ જોગવાઈ અન્વયે એક થી વધુ વખત સગીર સાથે શરીર સંબધ રાખવો તે કૃત્ય શિક્ષાને પાત્ર છે. આ કામે ભોગ બનનારની ઉમંર ૧૮ વર્ષથી ઓછી હોવાનું સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. ત્યારે સદરહુ ચાર્જમા આરોપી ને દોષિત ઠરાવી શકાય તેમ નથી. આ કામે મહત્વની પાયા

ની હકિકત ભોગ બનનારની ઉંમર અને ભોગ બનનાર સાથે દુષકૃત્ય થયેલાનું ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આથી પોકસો એકટની કલમ-૨૯ અને ૩૦ ની જોગવાઈ પણ ફરીયાદપક્ષને મદદરૂપ બનતી નથી. આથી, ફરીયાદ પક્ષની દલીલ આ મુદ્દા અંગે સ્વીકારવામા આવતી નથી.

૨૮. આરોપી સામે ઈ.પી.કો. કલમ-૩૭૬(૨)(આઇ) અને ૩૭૬(૨)(એન) મુજબ ના ગુનાનો ચાર્જ છે. ઈ.પી.કો. કલમ-૩૭૫ મા રેપની વ્યાખ્યા આપેલ છે. જયારે ઈ.પી. કો. ની કલમ-૩૭૬ (૨)(એન) માં એક થી વધુ વખત રેપ કરવાનું કૃત્ય સજાને પાત્ર છે. આ કામે ભોગ બનનારે પોતાનો પુરાવો આંક-૨૯ થી આપેલ છે. ભોગ બનનાર માત્રનો પુરાવો જો વિશ્વાસ પાત્ર અને ખરો જણાય, તો તે ચોકકસ કેસની સાબિતી માટે એકમાત્ર પુરાવો પુરતો બને છે. પંરતુ, ભોગ બનનારના પુરાવાને પણ કોર્ટે મુલ્યાંકન કરવાનો રહે છે. તેણી જે પુરાવો આપે છે, તે ખરો છે અને સત્ય છે, તેમ માની તે સ્વીકાર કરવાનો રહેતો નથી. પંરતુ તેને સામાન્ય સાહેદ કરતા વધું મહત્વ આપવાનું છે, અને તેના પુરાવાને સામાન્ય વિરોધાભાષ થી ઈન્કારી શકાય નહિ, વળી તેણીને ઈજા નથી કે ફરીયાદ તુંરત થયેલ નથી, તેવા કારણો થી તેનો પુરાવો ઈન્કારવો યોગ્ય માનવામાં આવતું નથી. આમ, આ સિદ્ધાંતો ધ્યાને લઈને પુરાવાનું મુલ્યાંકન કરવાનુ રહે છે.

૨૯. આ કામે ભોગ બનનાર સાહેદ નં.૪ નો પુરાવો આંક-૨૯ થી છે. તેણીનો પુરાવો એવો છે કે, તેણી ના લગ્ન કરવાની તેણીના દાદી અને મોટા બાપુ વાતો કરતા હતા. આથી તેણી આરોપીના પરીચય માં હતી. તેમની સાથે ભાગી ગયેલી. તેણીએ આરોપીએ તેણીની

સાથે કોઈ બદકામ કરેલાનો પુરાવો આપેલ નથી. આમ, ભોગ બનનાર સાથે જોર–જબરજસ્તી થયાનો ભોગ બનનારનો પુરાવો નથી. તેમજ મેડીકલ પુરાવો પણ તે મુદ્દાનો રજૂ થતો નથી.

૩૦. આ કામે ભોગ બનનાર બાળા ૧૮ વર્ષથી નાની સગીર વયની તમામ વ્યાજબી શંકાથી પર પુરવાર થયેલાનું માનેલ નથી. તેમજ આરોપીએ સગીર સાથે સહમતી થી કે બળજબરીથી ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલાનું સાબિત થતું નથી. ભોગ બનનારનાં પુરાવા આધારે તેણીનાં આરોપી સાથેનાં સહમતીના સંબંધો થયેલા, તેમ માની શકાય તેમ છે. વળી, વિ. મેજીસ્ટ્રેટશ્રી સમક્ષના નિવેદનમાં પણ તેણીએ આરોપીને ગુના સાથે જોડતી હકિકત જણાવેલ નથી. મેડીકલ ઓફીસર સમક્ષની હિસ્ટ્રીમાં પણ તેણીએ પોતાની ઉંમર ૨૧ વર્ષ અને આરોપી સાથે પતી–પત્નીના સંબધો હોવાની હકિકત જણાવેલ છે. આથી, ફરિયાદ પક્ષ તરફે ની દલીલ કે આરોપીએ ચાર્જ મુજબનો ગુનો કરેલાનું સાબીત થતુ હોવાની દલીલ સ્વીકારવા પાત્ર બનતી નથી. પરંતુ, બચાવ પક્ષે કરવામાં આવેલી દલીલ ચોકકસ સ્વીકારવા પાત્ર માનવામાં આવે છે.

૩૧. ઉપરોકત કારણોસર ફરીયાદપક્ષે રજુ થયેલ પંચનામાં તથા મેડીકલ પુરાવા અને એફ.એસ.એલ. રીપોર્ટ વિગેરેના આરોપી સામેના ચાર્જ ને તમામ શંકાથી પર પુરાવાર કરવા માટે પુરતા ન હોવાનું માનવામાં આવે છે. તેમજ, ફરીયાદપક્ષ કેસની પાયાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. ત્યારે પોકસો એકટની કલમ–૨૯ અને ૩૦ ના અનુમાનો અસ્તીવમાં આવતાં નથી. ત્યારે મુદ્દા નં.૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. આથી, મુદ્દા નં.૪ અંગે આરોપીને શંકાનો લાભ આપી મુકત કરવા પાત્ર હોવાનું માની નીચે

મુજબનો આખરી હુકમ કરૂ છું,

**–:: આ ખ રી હુ ક મ ::–**

**૦૧.** આથી સ્પે. પોકસો કેસ નં. ૨૪/૨૦૨૨ (જુનો ૧૧૮/૨૦૧૯ વડોદરા કોર્ટ) તે શિનોર પોલીસ સ્ટેશન, પાર્ટ–એ ગુના રજીસ્ટર નં.૧/૨૦૧૯ ના કામે આરોપી **અજયભાઈ દિનેશભાઈ વસાવા ઉ.વ. આ. ૨૮** ને ક્રી.પ્રો. કોડની કલમ–૨૩૫(૧) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨–એન)(૩) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ની કલમ–૫(૨)(એલ), ૬ વિગેરે મુજબના ગુનામાંથી પુરાવા રહેલ શંકા અને ત્રુટીનો લાભ આપી મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૦૨.** આ ચૂકાદાની એક નકલ વિનામૂલ્યે ભોગબનનાર ને મોકલી આપવી.

**૦૩.** બિનકિમતી મુદામાલ નો અપીલ સમય બાદ નાશ કરવો, જો અપીલ થાય તો તે મુદ્ધામાલનો નિર્ણય અપીલ કોર્ટના નિર્ણય મુજબ કરવો.

**૦૪.** આરોપીએ અપીલના કામે હાજર રહેશે તે શરતે તેઓએ રજુ કરેલ જામીન આથી છ માસ માટેના લંબાવાનો હુકમ કરવામાં આવે છે.

**૦૫.** વળતર અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**આ હુકમ આજરોજ તારીખઃ ૨૫મી, માહે – જુન, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.**

Digitally signed by
MANOJ BHAILALBHAI KOTAK
Reason: judgment
at karjan
on 25/06/2026 17:31:01 IST.

તારીખઃ ૨૫/૦૬/૨૦૨૬
કરજણ
HMM

**(મનોજ ભાઈલાલભાઈ કોટક)**
જજ, સ્પેશ્યલ પોકસો કેસ કોર્ટ,
કરજણ, વડોદરા
(યુનિક કોડ જીજે.૦૦૭૧૮)